ગાંધીનગર સમાચાર

# ગુનાહિત વ્યવસાયિક દુવર્તાવ કરનાર વકીલ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ



તબીબી વિદ્યાર્થીઓના ધરણા - ગાંધીનગર ખાતે પીજીમાં પ્રવેશ માટે યુનિવર્સિટીની પ્રાથમિકતા જળવાઈ રહે એવી માંગ સાથે રાજ્યની છથી વધુ મેડિકલ કૉલેજના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કર્યા હતા... પ્રવેશ પ્રક્રિયાના નાજુક પ્રશ્ને વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરી આરોગ્ય મંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું... ધરણામાં ગાંધીનગરના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને સરકાર જો હકારાત્મક અભિગમ નહિ દાખવે તો આંદોલનને ઉગ્ર બનાવવાની ચિમકી આપી હતી...

## શ્રેષ્ઠ કલેક્ટર તરીકે ડૉ. પી. સ્વરૂપની પસંદગી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના બે પૂર્વ કલેક્ટરોને વર્ષ-૨૦૧૩-૧૪ માટે શ્રેષ્ઠ કામગીરીને લઈ રૂ. ૫૧ હજારનો એવોર્ડ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના વર્ષ ૨૦૧૩-૧૪ના કલેક્ટર તરીકે શ્રેષ્ઠ કામગીરી માટે પૂર્વ કલેક્ટર પી. સ્વરૂપને તથા જિલ્લા વિકાસ અધિકારી તરીકે અમદાવાદના તત્કાલિન જિલ્લા વિકાસ અધિકારી રવિશંકરને પણ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

આ બન્ને અધિકારીઓને રૂ. ૫૧ હજારનો રોકડ પુરસ્કાર એનાયત થશે. આ ઉપરાંત ગાંધીનગરના તત્કાલીન કલેક્ટર પી. સ્વરૂપની પસંદગી શ્રેષ્ઠ કામગીરી માટે થઈ હોવાથી જિલ્લાને રૂ. ૪૦ લાખની વિશેષ પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાનો પણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

જિલ્લાના બે પૂર્વ કલેક્ટરોની પસંદગીના સમાચારથી જિલ્લા વહીવટીતંત્રમાં આનંદની લાગણી છવાઈ છે.

## જિલ્લાના ખેતપાકોને અતિવૃષ્ટિના લીધે બે વર્ષમાં ૨૦.૨૪ લાખનુ નુકશાન

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર જિલ્લામાં અતિવૃષ્ટિ તથા કુદરતી હોનારતને કારણે ખેતીપાકને કેટલી રકમનુ નુકશાન થયુ કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં ૦.૯૧ લાખ અને માણસા તાલુકામાં ૧૯.૩૩ લાખનુ નુકશાન થયુ છે. વર્ષ ૨૦૧૬ -૧૭ દરમિયાન અતિવૃષ્ટિ અને કુદરતી હોનારતના લીધે ૩૩ ટકા કે તેથી વધુ ખેતીપાકને નુકશાન થયુ નથી. જિલ્લામાં ખેતીપાકોને નુકશાન બદલ રૂ ૨૦.૨૪ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**બિનપ્રમાણિત બિયારણના ૧૩ કિસ્સામાં ચાર સામે કોર્ટ કેસ : ૬ કેસમાં એફ આર આઇ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન બિયારણના કેટલા નમુના લેવામાં આવ્યા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ દ્વારા



### વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

પુછાયેલા આ પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રીએ જણાંવ્યુ હતુ કે બે વર્ષમાં જિલ્લામાંથી ૩૬૭ નમુના લેવાયા છે. જયારે આ પૈકી ૩૫૪ નમુના પ્રમાણિત થયા અને ૧૩ નમુના બિનપ્રમાણિત થયા છે. જયારે બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલા લેવાયા છે. તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે ૪ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે.જયારે ૧ કિસ્સામાં વહીવટી પગલા લેવાયા છે. જયારે ૬ કિસ્સામાં એફ આર આઈ દાખલ કરવામાં આવી છે. તેમજ બે કેસમાં કાર્યવાહી ચાલુ છે.

**મસાલા પાકના ઉત્પાદન માટે ૫૦૩ ખેડુતોને ૫૮ લાખની સહાય**

ગાંધીનગર જિલ્લામાં મસાલા પાકના ઉત્પાદન માટે છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડુતોને સહાય ચુકવવામાં આવી ? કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાંવ્યુ હતુ કે મસાલા પાકોના ઉત્પાદન માટે જિલ્લાના ૫૦૩ ખેડુતોને રૂ ૫૮.૨૪ લાખની સહાય ચુકવામાં આવી છે. જયારે સહાય મેળવવા માટે જિલ્લામાંથી કેટલી અરજી આવી તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ૧૨૩૪ અરજીઓ આવી છે. જયારે આ પૈકી ૩૦૬ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. આ ઉપરાંત વેલાવાળા શાકભાજી પાકના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રીએ જણાંવ્યુ હતુ કે ૨૨૬ લાભાર્થીઓને ૮૩.૩૮ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**ઉજાલા યોજના અન્વયે ૧.૮૬ લાખ એલ ઇ ડી બલ્બનુ વિતરણ**

ઉજાલા ગુજરાત યોજના હેઠળ જિલ્લામાં કેટલા એલ ઈ ડી બલ્બનુ વિતરણ કરવામાં આવ્યુ ? તેવા પ્રશ્નના જવાબમાં ઉર્જા મંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૧,૮૬,૪૫૨ એલ ઈ ડી બલ્બનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

**જિલ્લામાં કાંસની જાળવણી પાછળ રૂ ૩૧.૨૧ લાખનો ખર્ચ કરાયો**

જિલ્લામાં સઈજ હાજીપુર કાંસ તથા પાનસર- વાવોલ કાંસની મરામત, જાળવણી અને સફાઈ પાછળ કેટલો ખર્ચ થયો ? કલોલના બળદેવજી ઠાકોર દ્વારા રજુ થયેલા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિમંત્રીએ જણાંવ્યા મુજબ સઈજ હાજીપુર કાંસની મરામત ,જાળવણી અને સફાઈ પાછળ કુલ ૮.૭૧ લાખનો ખર્ચ થયો છે. જયારે પાનસર વાવોલ કાંસની જાળવણી માટે રૂ ૨૨.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે છેલ્લા બે વર્ષમાં ખેતરમાં જવા આવવા માટે અને ખેતરનુ ધોવાણ અટકાવવા માટે નાળાની જરૂરિયાતના મામલે સરકારને કુલ ૯ ફરિયાદો મળી છે.

## ગુનાહિત વ્યવસાયિક દુવર્તાવ કરનાર વકીલ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ

ગાંધીનગર તા ૨૦

જમીનના કેસમાં અસીલ સાથે ગુનાઈત વ્યવસાયિક દુવર્તાવ કરનાર વકીલને ગુજરાત બાર કાઉન્સિલે ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરી રૂ ૫૦ હજારનો દંડ ચુકવવા હુકમ કર્યો છે. વકીલે જમીન સંપાદનના કેસ સંદર્ભે વાદી પાસેથી રૂ ૩ લાખની ફી વસુલી હતી. જયારે મહેસુલ વિભાગમાં કેસ સંદર્ભે અપીલ દાખલ પણ ન કરી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ ઉપરાંત રકમ પરત કરવા માટે આપેલો ચેક પણ બેંકમાંથી પરત થયો હોવાનુ પણ વાદીએ ફરિયાદમાં જણાંવ્યુ હતુ.

**જમીન સંપાદનના કેસમાં વાદી સાથે આવા ગુનાહિત દુવર્તાવ બદલ ગુજરાત બાર કાઉન્સિલે વકીલને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા : ૫૦ હજારનો દંડ પણ કર્યો : સરગાસણની જમીન સંપાદન કેસ સંદર્ભે મહેસુલ વિભાગમાં અપીલ દાખલ કરવા માટે વકીલને ૩ લાખ ચુકવ્યા હતા**

આ કેસની વિગત અનુસાર સે-૬ બી માં રહેતા ડાહ્યાભાઈ એન પ્રજાપતિની સરગાસણ સ્થિત સર્વે નંબર ૧૭,૧૨૭/૩ અને ૧૩૨ની જમીન સરકારે સંપાદિત કરી હતી. જયારે જમીન સંપાદનના અંતે પણ બિનઉપયાગી રહેતા તેમણે આ જમીન સરકાર પાસેથી પરત મેળવવા અમદાવાદના વકીલ નયન આર શર્માના મારફતે મહેસુલ વિભાગમાં અપીલ દાખલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૧૦માં ગણિતનુ પેપર સરળ

### પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત અને સમય મર્યાદામાં પુર્ણ થાય તેવુ હતુ : એક દાખલો અને પ્રતિપ્રમય નામ બદલીને પુછાયા : ૪૮૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૨૦

ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓ વિજ્ઞાન બાદ આજે ગણિત વિષયની પરીક્ષા આપી હતી. જો કે વિજ્ઞાનના લેન્ધી અને અઘરા પ્રશ્નપત્ર બાદ ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. જિલ્લામાંથી ૩૦૦૭૯ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૮૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ગણિતના પેપર દરમિયાન જિલ્લામાં એક પણ ગેરરીતીનો કિસ્સો ધ્યાને આવ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# માણસા-દહેગામના ડેપો આધુનિક બનાવાશે

### માર્ગ-અકસ્માતના બનાવો રોકવા રોડ સેફ્ટી ઓથોરીટી રચાશે

ગાંધીનગર, તા. ૨૦

માણસા અને દહેગામ સહિત હાલના ૨૬ બસસ્ટેન્ડ તોડી પાડી અને અદ્યતન બસસ્ટેન્ડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ રાજ્યમંત્રી વલ્લભભાઈ કાકડિયાએ આજે રાજ્ય વિધાનસભાગૃહમાં વાહન-વ્યવહાર વિભાગની માંગણીઓ પરની ચર્ચાને અંતે જવાબ આપતા જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યમાં હાલ જે ટ્રાન્સપોર્ટ સુવિધા છે તેને સઘન અને સંગીન બનાવવા સરકાર કટિબદ્ધ છે. આગામી વર્ષમાં પણ ૧૬૦૦ નવી બસો ખરીદવામાં આવશે.

તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ૧-૪-૧૭ થી પૂર્વ ધારાસભ્ય અને સાંસદ તેમજ તેમના પત્નીને બસમાં મફત મુસાફરીની સુવિધા આપવામાં આવશે.

તેમણે એવુ પણ જણાવ્યુ હતુ કે આગામી વર્ષમાં ૨૯૩૯ ડ્રાયવર અને ૧૫૪૪ કંડકટર તેમજ ૫૭૧ મિકેનીકલ સ્ટાફની અને ૬૨૬ વહીવટીય સ્ટાફની ભરતીનું આયોજન છે.

નિગમ સંચાલિત બસોના બ્રેકડાઉન રેસિયામાં ૯૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

વાહનવ્યવહાર મંત્રીએ જણાવ્યુ હતુ કે માર્ગ-અકસ્માતના બનાવોમાં ઘટાડો થાય તે માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજ્યમાં રોડ સેફ્ટી ઓથોરીટીની રચના પણ કરવામાં આવશે. આ માટે જરૂરી નાણાંકીય જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

# સીઆરસી બીઆરસીની નિમણૂંકો માટે ૩૦મીએ ખાસ કેમ્પ યોજવા આદેશ

ગાંધીનગર, તા. ૨૦

સીઆરસી, બીઆરસીની પ્રતિનિયુક્તી રદ કરી અને તેમની સેવાઓ શાળામાં ઉપલબ્ધ કરાવવાના રાજ્ય સરકારના નિર્ણયને પગલે હવે ૩૦મીએ એક ખાસ કેમ્પ દરેક જિલ્લામાં યોજી અને નિમણુંકો આપવા માટેના આદેશ કરવામાં આવ્યા છે.

પ્રા. શિક્ષણ નિયામકના આદેશમાં જણાવ્યા મુજબ સર્વ શિક્ષા અભિયાનના કચેરી આદેશ તા. ૧૭-૧૨-૨૦૧૬ અને તા. ૨૨-૧૨-૨૦૧૬થી મૂળ પ્રાથમિક શિક્ષકોની કરેલ બીઆરસી, સીઆરસી અને યુઆરસી તરીકેની પ્રતીનિયુક્તિને રદ કરી તેઓની નિમણુંક સંસ્થા જિલ્લા/ નગર પંચાયત શિક્ષણ સમિતિના હવાલે મુકવાનો આદેશ કરેલ છે. જે અનુસંધાનો અગાઉ દરેક જિલ્લાઓમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી/ શાસના અધિકારી (નગર) દ્વારા તેઓને શિક્ષક તરીકે શાળામાં પુનઃ સમાવવાના કેમ્પો યોજવામાં આવેલ હતા. જે અનુસંધાને કેટલાક જિલ્લાઓમાંથી ઉમેદવારો દ્વારા કોર્ટ મેટરો ઉપસ્થિત થવામાં આવેલ, જેમાં દરેક જિલ્લાઓ દ્વારા એક સુત્રતા જળવાય

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતના પેપરમાં હોંશિયાર વિદ્યાર્થીઓની ખરી કસોટી થઈ

### એમ સી ક્યુના ઉત્તર આપવામાં સમય ખુટે તેવી સ્થિતિ : દાખલા પણ ફેરવીને પુછાયા : પાસ થવા માટે પેપર સરળ કહી શકાય : વિષય નિષ્ણાંતો

ગાંધીનગર તા ૨૦

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓએ ઓજ ગણિત વિષયની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી ૨૬૯૮ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી. જયારે ૫૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ભૌતિક વિજ્ઞાનની સરળ કસોટી બાદ ગણિતની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં સરળ રહી હતી. ગણિતનુ પેપર પાઠ્યપુસ્તક આધારિત હતુ. જો કે એમ સી ક્યુના એક પ્રશ્નનો જવાબ ખોટો હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. જયારે પાર્ટ બીમાં ચાર ગુણનો દાખલો પુસ્તક બહારનો પુછાયો હોવાનુ પણ વિષય તજજ્ઞો જણાંવી રહયા છે. જો કે દાખલો સરળ હોવાથી પરીક્ષાર્થીઓને કોઈ તકલીફ પડી ન હતી. જો કે એમ સી ક્યુના જવાબ આપવામાં સમય બગડે તેમ હોવાથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. જયારે દાખલા પણ ફેરવીને પુછાયા હોવાથી હોંશિયાર વિદ્યાર્થીઓની કસોટી કરે તેવુ પ્રશ્નપત્ર હતુ.

ધોરણ -૧૦ ની જેમ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ આજે ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જિલ્લામાંથી નોંધાયેલા ૨૭૫૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૬૯૮એ પરીક્ષા આપી હતી. જયારે ૫૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધો-૧૦ ની જેમ ધો-૧૨ માં પણ ગણિતનુ પેપર

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# રાજ્યના તમામ ઘર વિહોણા પરિવારોને ૨૦૨૨માં ઘરનું ઘર અપાશે : કવાડિયા

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના તમામ ઘરવિહોરાણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૨ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર હોવાનું રાજ્ય પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડિયાએ આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચાને અંતે જણાવ્યુ હતુ.

કવાડિયાએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો અમલ પણ રાજ્યમાં કરવામાં આવી રહ્યો છે. તેમણે જણાવ્યુ હતુ કે સ્વચ્છતા મિશન અંતર્ગત રાજ્યના ૨૬ જિલ્લાને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ૨ ઓક્ટો. ૨૦૧૯ પહેલા જાહેરમાં શૌચમુક્ત બનાવવાના નિર્ધાર સાથે સઘન કામગીરી ચાલી રહી છે.

કવાડિયાએ જણાવ્યું હતું કે ૨૦૧૬-૧૭માં મનરેગા યોજનામાં ૬.૪૪ લાખ કુટુંબોને ૨૪૨.૮૫

● અનુસંધાન પાન-૭ પર

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**બાંધકામ મજુરી કોન્ટ્રેક્ટ**
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ,
એસ.ટી.વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર
ગાંધીનગર સંચાલિત શ્રી .જે.એમ.ચૌધરી શૈક્ષણિક સંકુલમાં સ્કૂલ તથા હોસ્ટેલ બાંધકામ માટે
(૧) આઈટમ વાઈઝ ફક્ત મજુરી કામના ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.
રેતી,કપચી, સિમેન્ટ તેમજ લાકડાના (પ્લાયવુડ તેમજ કન્ટ્રીટીક વુડ) પુરા પાડવાના ભાવ વેપારી તેમજ સપ્લાયરો પાસેથી મંગાવવામાં આવે છે.
રસ ધરાવતાં ઠેકેદારો-સપ્લાયરોએ પોતાના લેટર પેડ પર તા. ૨૭-૦૩-૨૦૧૭ સુધીમાં ૧૬-૦૦ કલાક પહેલા સંસ્થાના કાર્યલાયમાંથી ભાવ પત્રકની કોપી મેળવવાની રહેશે. ટેન્ડર કોપીમાં ભાવ ભરી તા. ૦૪-૦૪-૨૦૧૭ સુધીમાં ૧૬-૦૦ કલાક પહેલા સીલબંધ કવરમાં સંસ્થાના કાર્યલયમાં આપવાની રહેશે.
વધુ જોઈ માહિતી અંગે કાર્યાલયનો સંપર્ક કરવો.
પ્રમુખ/મંત્રી / ખજાનચી
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ
એસ.ટી.વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com